શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૯

અંક : ૬

પાણીનુ શુધ્ધિકરણ

ચોમાસા દરમિયાન પાણીમાં અનેક પ્રકારની અશુધ્ધીઓ ભળતી હોય છે જેના કારણે રોગોનો ફેલાવો થાય છે. ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતા બાળકો શાળામાં ઉપલબ્ધ પાણીનો ઉપયોગ કરે છે, જેતે શાળામાં પાણી સંગ્રહ ટાંકીની સાફ કરવાની પધ્ધતીઓ હોય છે પરંતુ પાણીની અશુધ્ધીઓ દુર કરવા માટે પધ્ધતી વિકસાવવી ખાસ જરૂરી છે. માત્ર ચોમાસા દરમિયાનજ નહી પરંતુ કોઈપણ ઋતુમાં શુધ્ધ પાણી મેળવવુ એ બાળકોનો અધીકાર છે.

બજારમાં ઉપલબ્ધ ફીલ્ટર સીસ્ટમ લોકો ઘરે વસાવતા હોય છે જેનાથી પાણીમા કેટલાક આવશ્યક તત્વોનો પણ નાશ થાય છે જે લાંબા સમયે આરોગ્ય માટે હાનીકારક છે.જેથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની કિલન ટીમ દ્વારા પ્રયોગાત્મક રૂપે અમુક શાળામાં અને સમુદાયમાં કુદરતી ગાળણ પ્રક્રિયા અનુસરવા ફિલ્ટર મુકવાનો વિચાર છેલ્લા એક વર્ષથી ચાલતો હતો.

એક વિધાર્થીને પીવા માટે રોજ દસ લીટર પાણીની જરૂરીયાત રહેતી હોય છે. શાળાના સમય દરમિયાન વિધાર્થીને રોજનુ ત્રણ લીટર પાણી પીવા માટે જોઈતુ હોય તેવો અંદાજ છે. આમ જો કોઈ એક શાળામાં ૩૫૦ વિધાર્થીઓ હોય તો રોજનુ એક હજાર લીટર પાણી પીવા માટે વપરાય જે ઉપર મુજબની સીસ્ટમથી સંતોષી શકાય નહી.

છેલ્લા ચાર વર્ષમાં પાણીની ચકાસણીના પરીણામ પરથી વિધાર્થીઓ પાણીની અશુધ્ધીઓ જાણી શકયા છે. ચાર શાળાઓ તથા એક જાહેર સ્થળે ફિલ્ટર પ્લાન્ટ મુકવાની વ્યવસ્થા કરી છે.

ત્રણ ટાંકીનો ઉપયોગ કરવામાં આવે છે. જે ત્રણેય વચ્ચે ઓછામાં ઓછુ ચાર ફુટની ઉંચાઈનુ અંતર હોવુ જરૂરી છે. એક ટાંકી કે જે સૌથી ઉપર હોય તેમાંથી પાણી સતત ટપકતુ હોવુ જોઈએ.

બીજી ટાંકીમા ફીલ્ટર સીસ્ટમ ગોઠવવામાં આવે છે જયારે ત્રીજી ટાંકી ફીલ્ટર થયેલ પાણીનો સંગ્રહ કરે છે.

ઓછા ખર્ચે તૈયાર થનાર પાણી શુધ્ધિકરણની આ પ્રક્રિયા પોતાના ઘરે, વ્યવસાયગૃહ, સંસ્થામા કરી શકાય. આ માટેની ડીઝાઈન આ અંકમાં પેઈઝ નં ૮ પર આપવામાં આવી છે. વધુ વિગતો માટે સંસ્થાની કિલન ટીમનો સંપર્ક કરી શકો છો.

બાળક એ ઈશ્વરનુ સ્વરૂપ છે.

## કાગળનો ફરી ઉપયોગ

શાળાઓ શરૂ થઈ ચુકી છે અને વિધાર્થીઓએ નોટબુકસનો ઉપયોગ શરૂ કરી દીધો હોયજ તેમજ પાઠય પુસ્તકો પણ ખરીદવા જરૂરી છે. પરંતુ આ જરૂરીયાત આપણે નવી વસ્તુઓની ખરીદી કર્યા વગર પણ કરી શકીએ છીએ. જેમકે તમારાથી એક ધોરણ આગળ ભણતા વિધાર્થીના પાઠયપુસ્તક તમે વાપરો/ખરીદો તો તમારા નાણા ઉપરાંત તમોએ પર્યાવરણનો પણ બચાવ કર્યો કહેવાય. ઉપરાંત તમારી નોટબુકસ ભરાય જાય ત્યારે તમો તેનો ફરી ઉપયોગ કરતા નથી પરંતુ આવા કાગળનો ફરી ઉપયોગ કરવો જોઈએ જેના ફાયદા નીચે મુજબ છે.

૧. બગાડનો ઘટાડો

કાગળનો ઓછો બગાડ અને કચરાના નિકાલની સમસ્યાનો ઉપાય

૨. કાર્ય શકિતનો બચાવ

કાગળના ફરી ઉત્પાદનથી ૬૦ થી ૭૦% કાર્ય શકિતનો બચાવ થાય છે.

૩. સાધનસંપતીનો બચાવ

રીસાયકલ થયેલા કાગળમાં ૫૫% થી પણ ઓછા પાણીનો ઉપયોગ થાય છે અને જંગલની જાળ વણીમાં મદદ કરે છે.

૪. પ્રદુષણમાં ઘટાડો

ફરી ઉત્પન્ન થયેલ કાગળના લીધે ૩૫% પાણીનુ પ્રદુષણ, ૭૪% હવાનુ પ્રદુષણ તથા ઘણા બધા બીજા ઝેરી પ્રદુષણને ઘટાડે છે.

૫. જીવન નિર્વાહ

નકામાં કાગળને ફરી ઉપયોગમાં લેવાની પધ્ધતી ઘણી બધી રોજગારી માટેની તકો ઉત્પન્ન કરે છે.

જો પ્રત્યેક વિધાર્થી એક દિવસમા એક શીટ કાગળ બચાવે તો એક વિધાર્થી એક વર્ષમાં ૪૦,૦૦૦ વૃક્ષો બચાવે છે. આપણે કદાચ વૃક્ષો વાવી ન શકીએ કે ઉછેરી ન શકીએ પરંતુ વૃક્ષો બચાવી તો શકીએ.

–કિલન ટીમ

## ભારતમાંડેરી ઉધોગ

| વસ્તુ | ૨૦૦૫ (કરોડ) | ૨૦૧૧ (કરોડ) |
|---|---|---|
| ડેરી ઉત્પાદન | ૨૨૭૩૪૦ | ૫૨૦૭૯૦ |
| દુધ ઉત્પાદન | ૮૨૮૩૫ | ૧૫૯૬૦૦ |
| ઘી ઉત્પાદન | ૨૨૯૮૦ | ૪૨૬૮૦ |
| પનીર અને દુધની બનાવટો | ૨૪૧૦૦ | ૫૦૫૦૦ |
| દુધનો પાવડર | ૪૬૮૦ | ૨૨૫૦ |
| માખણ | ૭૭૦ | ૬૧૫૦ |
| ચીઝ, મીઠાઈ આઈસ્ક્રીમ | ૧૦૦૭૫ | ૨૫૦૫૦ |

૭૭% પ્રવાહી દુધ અને ૨૩% દુધની બનાવટો માટે વપરાય છે.

પૈસા કમાવવા માટે બુધ્ધીની જરૂર છે, પણ ઉપયોગ કયાં કરવો તે માટે સંસ્કાર જોઈએ

## નીમ્બસ
## (નોટ ઈન માય બેક યાર્ડ)

શહેરી પર્યાવરણને બચાવવાના હેતુથી આ પધ્ધતી વિકસાવવામાં આવી છે. જેને આપણે ગુજરાતીમાં મારુ આગણું સ્વચ્છ એવુ નામ આપીએ છીએ. આપણે ઘરનો કચરો આપણા આંગણામાંજ નાખીએ તો કયારેય પણ આંગણુ સ્વચ્છ બનાવી ન શકીએ. શહેરમાં આપણે આપણી સોસાયટીના ઓપન પ્લોટમાં કચરાનો નીકાલ કરતા હોઈએ છીએ. જેને આપણે એમ માંની લઈએ છીએ કે મારૂ આંગણુ તો સ્વચ્છ છે. જો ખરા અર્થમા આપણે સ્વચ્છતા રાખવી હોય તો ઘરમાં પુરા દિવસ દરમિયાનનો કચરો એકઠો કરીએ, અને નગરપાલીકા દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થા મુજબ તે કચરા નો નિકાલ કરીએ.

હાલમાં કિલન કાર્યક્રમ અંતગર્ત વિધાર્થીઓ વરસડા રોડ પરની સોસાયટીના લોકો સાથે ડોર ટુ ડોર અભિયાન યોજી લોકોને કચરાના નિકાલ માટે નગરપાલીકા દ્વારા શરૂ કરવામાં આવેલ ટ્રેકટર નો ઉપયોગ કરે તેવી સમજાવટ કરેલ. નગરપાલીકા અને લોકો વચ્ચે કચરાના નિકાલના ઉકેલ લાવવાના હેતુથી કિલન ટીમ દ્વારા નગરપાલીકાને આવી વ્યવસ્થા લોકોને પુરી પાડવા માટે લોકો આવી સુવીધા બદલ ઘરદીઠ રૂા. ૧૫ ચુકવે તે માટે સહમતી સાધવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી.



**કચરો એકઠો કરવા માટેની કચરા પેટી**



**ઘરે ઘરે ફરી કચરો એકઠુ કરતુ ટ્રેકટર**

આંગણુ સ્વચ્છ તો શહેર સ્વચ્છ

### કથીર–કચરાનો મસીહા

બેઝબોલ અને ફુટબોલની ફેકટરીમા કામ કરતા પિતા જહોન લોન્ગોનું એકમાત્ર જોસેફ લોંગો સંતાન છે. પેરાટુપર અને સ્વયંસેવક તરીકે તેમણે કોરીયાના યુધ્ધમાં કામ કર્યુ હતુ. કોરીયામા યુધ્ધભુમિની ડયુટી પુરી કરી જોસેફએ બુકલીન રાત્રિશાળામાં અભ્યાસ શરૂ કર્યા હતો. બ્રુકલીન પોલીટેકનીક ઈન્સ્ટીટયુટમાંથી ૧૯૫૯માં એન્જી.ની ડિગ્રી મેળવીને ખ્યાતનામ અમેરીકન મશીન એન્ડ ફાઉન્ડરી (એએમએફ) માં નોકરી મેળવી હતી. એએમએફને નોકરી દરમિયાન તે દુનીયાની ગાર્બેઝ ઈન્ડસ્ટ્રીઝ (કચરા માર્કેટ)માં ઝંપલાવવા સમજાવતા રહયા હતા.

ત્યારબાદ તેમણે ઈન્ટરનેશનલ ડાયનેટિકસ કંપનીની સ્થાપના કરી હતી. તેમણે કચરો ઓછી જગ્યા રોકે તે માટેનુ પ્રથમ ઔધોગીક કદનુ ટ્રેસ કોમ્પેકટર બનાવ્યુ હતુ. શરૂઆતમાં કચરો એકઠો કરી જમીનમાં દાટવો સસ્તો પડયો હતો પરંતુ બળતણ, ટ્રાન્સપોર્ટેશન અને મજુરીભાવના વધારાના કારણે કચરાનો નિકાલ કરવો મોંઘો પડતો હતો. તેમણે ૧૯૭૨માં એક વિજ્ઞાન પત્રીકામાં ફયુઝન રીએકટર અને પ્લાઝમાં વિશે વાંચ્યુ અને કચરાના નિકાલ માટે પ્લાઝમાં ટેકનોલોજી વાપરવાનો તેમણે નિર્ણય કર્યો. વિજ્ઞાન જગત તેમને કુડા–કચરા અને સોલીડ વેસ્ટના પર્યાવરણ બચાવના ભાગરૂપ શોધ પ્લાઝમાં કન્વર્ટર માટે આભારી બની રહેશે.

### *વિદાય*

નામ : રવજીભાઈ સાવલીયા

વતન : બાબાપુર

તા.જી. અમરેલી.

જીવનયાત્રા : ૬૧ વર્ષ

શોધ અને ઉત્પાદન :

૧. છાશ બનાવવાનુ વલોણું
૨. બળદગાડામાં હવા ભરવા માટે ફુટપંપ
૩. હીરા ઉધોગ માટે ઈલેકટ્રીક સગડી
૪. વીજળીની બચત થાય તેવી ઈલે. મોટર

ચાલી રહેલો પ્રયોગઃ

ખેડુતો માટે ખેતરમાં પવનચક્કીમાંથી વીજળી પેદા કરી પાણીની મોટર બનાવવી.

મુખ્ય સામાજીક કાર્યઃ

૧. ૧૯૮૭ પછીના સતત દુષ્કાળો વખતે કૃત્રીમ વરસાદના પ્રયોગો.
૨. ૧૯૯૧ પછીના એક દસકા સુધી વરસાદી પાણીના સંગ્રહ માટે અભિયાન.

અંધશ્રધ્ધાના વિરોધી એવા રવજીભાઈ સાવલીયા હવે આપણી વચ્ચે રહયા નથી.

જેમનુ મુત્યુ મહાન હેતુ માટે હોય છે,એવા લોકો કયારેય પણ અવસાન પામતા નથી

**વેલ બીગન ઈઝ હાફ ડન**

સોનલ અને કોમલ એક ગામડામાં જન્મેલી અને ઉછરેલી બે બહેનો છે. તેઓના લગ્નએ તેમને બંનેને છુટી પાડી દીધી.સોનલના લગ્ન એક શિક્ષક સાથે થયા અને તે નજીકના ગામમાં રહેવા લાગી જયારે કોમલના લગ્ન એક જમીન માલીકના પુત્ર સાથે થયા અને તે નજીકના ગામડામા રહેવા લાગી. તેઓના લગ્ન બાદ એક વર્ષમાં તેઓને ત્યા એક એક છોકરાનો જન્મ થયો. સોનલના પતિ અને તેના સાસુ સસરા બાળકના જન્મ પહેલા અને બાદમાં રાખવામાં આવતી મા અને બાળકની કાળજી વિશે જાણતા હતા. સોનલ અને તેના પતિએ ગર્ભાવસ્થા અને નવા જન્મેલા બાળકની સારવાર  અંગેની ચોપડીઓ વાંચી તેમજ ડોકટરે આપેલી સલાહને અનુસર્યા.

કોમલના સાસુ સસરા ખુબજ શંકાશીલ હતા અને કોમલને દુધ, કેળા,સુકોમેવો વગેરે ગર્ભાવસ્થા દરમિયાન પુરા પાડતા ન હતા. તેઓ જન્મ બાદ બાળકને પોષણક્ષમ આહાર આપતા નહતા માત્ર કોમલ ખેતરેથી અથવા લાકડા કાપી ઘરે પરત ફરે ત્યારે પેટ ભરાવવાનુ કહેતા પુરા દિવસ દરમિયાન તેઓ બાળકને પાણીમાં ખાંડ નાખીને આપતા હતા. બાળકને નજીકના કોમ્યુનીટી હેલ્થ સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ અસ્વીકાર અને રૂઢીચુસ્તાના કારણે રસીકરણ યોગ્ય રીતે થતુ ન હતુ. બાળકને વારંવાર શરદી, કફ,એર્લજી વગેરે થતુ હતુ જે માટે ઘરગથ્થુ ઉપચાર કરવામાં આવતો હતો. સોનલ અને કોમલના માતા–પિતાએ તેમના દોહત્રોના પ્રથમ વર્ષગાઠ ઉજવવાનુ નકકી કર્યુ. જયારે બંને બહેનો તેઓના માતાપિતાના ઘરે મળી ત્યારે બંને બાળકોમાં નોંધપાત્ર તફાવત જોવા મળતો હતો. સોનલનો પુત્ર તંદુરસ્ત, બધા સાથે હસ્તો રમતો દેખાતો જયારે કોમલનો પુત્ર ફીકકો, ઓછુવજન વાળો અને સોનલના પુત્ર જે સાદુ અને સાત્વીક ભોજન આપવામાં આવતુ હતુ તે નકારતો હતો. બંને બાળકો સરખી ઉમરના હોવા છતા બંનેને મળતા હકકમાં આવો તફાવત શા માટે જોવા મળે છે તે આ વાર્તા દ્વારા સમાજ સમક્ષ હકકીત રજુ કરવામાં આવી છે.

ચેતના અમદાવાદ દ્વારા તા. ૧૨ થી ૧૬ ડિસેમ્બર ૨૦૦૬ દરમ્યાન બાળ અધિકારો વિશે ક્ષમતાવૃધ્ધિ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના ફોલોઅપ વર્કશોપના સંદર્ભ પુસ્તકમાં આ વાર્તા રજુ કરવામાં આવી છે.

સંસ્થા દ્વારા બાળ અધિકાર પર જુન થી ડીસે. ૨૦૦૭ દરમિયાન

- ચિત્ર સ્પર્ધા
- નિબંધ સ્પર્ધા
- રેલી,
- હરિફાઈ

વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવશે. તેમજ પત્રિકા દ્વારા બાળકોને અધિકાર અપાવવા માટેની ઝુંબેશ ચલાવવામાં આવશે.

જયાં પ્રયત્નની ધુપસળી બળે છે ત્યાંજ સફળતાની સુવાસ પ્રસરે છે.

## જાતિય રોગ

જાતિય રોગ શબ્દ સાંભળતા આપણને બીક અને શરમ લાગે છે જેના કારણે આપણે એ સંતાડવાનો પ્રયત્ન કરીએ છીએ. જયારે આપણે ડોકટર પાસે જઈએ છીએ ત્યારે તે રોગ એટલો આગળ વધી ચુકયો હોય છે કે એની દવા વધુ લાંબા સમય સુધી કરાવવી પડે. વધુ ખર્ચ અને વધુ હેરાનગતિ થાય છે. યોગ્ય માહિતીના અભાવને કારણે પણ આપણને બીક લાગે છે. ચાલો આપણે એની યોગ્ય માહિતી મેળવીએ.

આ રોગ સ્ત્રી અને પુરૂષ બંનેને થઈ શકે છે. ડોકટર કહે તેમ બંનેએ સાથે દવા કરાવવી જોઈએ. જાતીય રોગની વધુ માહિતી મેળવતા પહેલા આપણે "શરીર ધોવાવુ એટલે શુ?" એ સમજી લઈએ.

શરીર ધોવાવુ એટલે કે પાણી પડવુ કે સફેદ ધાત જવી. ગર્ભાશયના મુખ પાસે આવેલ અમુક ગ્રંથીઓમાંથી સામાન્ય પણે થોડો ચીકણો રસ ઝરતો હોય છે.જેથી કાયાનો ભાગ ભીનો રહેતો હોય છે. જયારે આ રસ વધારે ઝરે ત્યારે શરીર ધોવાય છે તેવુ કહેવાય.

ઘણી બહેનોને અમુક સમયે સફેદ પાણી પડતુજ હોય છે. જેમકે નાવણ આવવાના થોડા દિવસો પહેલા કે મહિના રહયા હોય ત્યારે આ સામાન્ય બાબત છે.

આવુ થાય ત્યારે નીચેનો ભાગ સાબુ પાણીથી બરાબર સાફ કરી કોરો રાખવો. અંદરના કપડા સુતરાઉના તેમજ પસીનો ચુસે તેવા પહેરવા.

પરંતુ શરીરખુબ ધોવાય કે જેનાથી નીચેના કપડા ભીના થઈ જાય તેમજ ડાઘા પડે સાથે સાથે જો ખંજવાળ આવે,વાસ મારે કે પેઢામા દુઃખાવો થતો હોય તો ચેપ હોઈ શકે.જેની તપાસ કરાવવી જરૂરી છે.

ઘણા એવુ માને છે કે બહેનની અંદર ગરમી હોય તો શરીર ખુબજ ધોવાય પણ ખરેખર આવુ ગરમી જેવુ કશુ હોતુ નથી.

ખરેખર જો કાયા, ગર્ભાશયનુ મુખ, ગર્ભાશય કે તેની નળીઓમા ચેપ લાગ્યો હોય કે સોજો આવ્યો હોત તો શરીર ધોવાય છે.

કયાં કારણથી શરીર ધોવાય છે તે જાણવા માટે ડોકટર પાસે અંદરની તપાસ કરાવવી જોઈએ. આ તપાસમાં કાયા, ગર્ભાશયનુ મુખ, ગર્ભાશય નળી તેમજ બીજાશય તપાસવામાં આવે છે.

દરેક બહેનને શરૂશરૂમાં અંદરની તપાસ કરાવતી વખતે બહુ બીક લાગે છે. ખુબ દુઃખશે એમ માની તે પોતાનુ શરીર અને પેટ ઘણુ કઠણ કરી નાંખે છે તેથી તો અંદરની તપાસ બરાબર થતી નથી. જો બહેન ખુબ શાંતીથી ગભરાયા વગર તપાસ કરાવે તો બહેનને કોઈ જ તકલીફ કે દુઃખાવો થતો નથી અને સાચુ કારણ ખબર પડે જેથી સાચો ઈલાજ થાય.

### *જાતીય રોગનાં પ્રકાર*

૧. ટ્રાયકોમોનીયાસીસ
૨. કેન્ડીડીઆસીસ
૩. કલાઈમેડીયા
૪. ગોનોરિયા
૫. સિફીલીસ
૬. રોન્ક્રોઈડ

જાતિય રોગો વિશેની વધુ માહિતી તેમજ માર્ગદર્શન માટે સંસ્થાના સંચાલન હેઠળ સીવીલ હોસ્પિટલ અમરેલી ખાતે ચાલતા વાત્સાયન કેન્દ્રનો સંર્પક કરી શકો છો.

ક્રોધ કરતા પહેલા તેની પરિણામ વિચારજો


**સંસ્થા સમાચાર**


ગુજરાતમા બાળ અધિકાર પર કાર્યરત સંગઠનોના કાર્યકરોની બાળ અધિકાર પર સમજ ઉભી થાય તે માટે ગીજુભાઈ બાળઅકાદમી તથા ગણતર દ્વારા તા. ૫–૬–૭ જુનના રોજ નળસરોવર ખાતે બાળકોના વકીલ પર એક તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા સંસ્થાના કાર્યકર્તાએ નીચે મુજબની માહિતી મેળવી હતી.
મહારાજાસયાજીરાવ ગાયકવાડઃઅમરેલી અને તેના વડોદરા વિસ્તારમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ.
મહારાજા ભગવતસિંહ : ગોંડલ, ધોરાજી, ઉપલેટા બહેનો માટે ફરજીયાત શિક્ષણ.
કોલ્હાપુર મહારાજા શાહુજી મંદિરની આવકમાથી સ્કૂલ ચલાવતા.
૧૯૧૧મા સ્થાનિક સ્વરાજમાં ગોપાલ કૃષ્ણગોખલે એ શિક્ષણ માટે પ્રયત્ન કરેલ
૧૯૩૧માં કોગ્રેસ પરિષદમાં ગાંધીજીએ બનાવેલ અને પરિષદે ઠરાવ પસાર કરી પાસ કરેલ તેમા બાળકોને સાર્વત્રિક શિક્ષણ અને બાળમજુરી નાબુદી એમ બે મુદ્દા મુકયા હતા.
મુંબઈ પ્રાથમીક શિક્ષણ નિગમ ૧૯૯૯ ના નિયમ ૧૩૦ પ્રમાણે જન્મ તારીખના દાખલા વગરમાત્ર વાલીની આપેલ બાહેધરી પર પ્રવેશ આપવો.જો કોઈ બાળક શાળા છોડી ફરી વાર દાખલ થવા માંગે તો તેણે તેના ધોરણ મુજબની પરીક્ષા પાસ કરી વય પ્રમાણેના ધોરણમાં પ્રવેશમેળવી શકે.
૨૦૦૪ –૦૫ માં આણંદ ખેડાના ૨૨૦૦૦ વિદ્યાર્થી ઓને જાણ બહાર નામ કમી કર્યા. સુરેન્દ્રનગર માં પણ આ આંકડા સર્વે પ્રમાણે ૧૨૫૦૦ છે.

**વાર્ષિક સંમેલન/સાધારણ સભા**

સંસ્થાની કરોબારી સમીતીના સભ્યો, સંસ્થાના શુભેચ્છકો, ભુતપુર્વ કાર્યકરો, સાથી સંસ્થાઓના પ્રતિનિધીઓ તથા ટીમના સભ્યોએ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રમાં તા. ૨૩મી જુન ૦૭ના વાર્ષિક સંમેલનમા ભાગ લીધો હતો.જેમાં સંસ્થાના વીઝન–મીશન,કાર્યક્રમો તેની અસર,અનુભવ,મુશ્કેલીઓ તથા તેના યોજેલ ઉપાય અને આયોજન અંગેની વિગતો સંસ્થાના પ્રમુખશ્રીએ રજુ કરી હતી.
અશ્વિનભાઈ ઠુંમર, દેવચંદભાઈ સાવલીયા, સંગીતાબેન દવે અને પ્રો. જે. એમ. તળાવીયાએ થયેલ રજુઆત પર ચર્ચા ચલાવી હતી. સંમેલનમા ઉપસ્થિતોએ પોતાના પ્રતિભાવ આપી જરુરલાગી ત્યાં સુચનો કર્યા હતા. કલીન–વિજ્ઞાન શિક્ષકો પ્રવિણભાઈ વસરા અને મહેશભાઈ વઘાસીયા, અવિરતના ચેરમેનશ્રી કનુભાઈ નસીત તથા ન્યાય સમિતીના પુનીબેન કોટડીયા, રળીયાતબેન રાઠોડ અને શાંતુબેન વ્યાસ સામેલ થયા હતા.
વાર્ષિક સાધારણ સભામા કાર્યવાહી નોંધ, ઓડીટેડ હિસાબો, અહેવાલ તથા બજેટ વગેરે રજુ કરવામાં આવ્યા હતા જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. સંસ્થાના કાર્યક્રમોની સમિક્ષા તેમજ આગામી આયોજન પર ચર્ચા કરી તેને મંજુર કરવામાં આવ્યુ હતું.

શબ્દ નીકળયો નથી ત્યાં સુધી તમે એના સ્વામી, નીકળી જાય પછી એ તમારો સ્વામી.




જલતારા ફિલ્ટર ટાંકીમાં બાજુંની આકૃતિમાં દર્શાવ્યા મુજબ રેતીપથ્થરના સ્તર કરવામાં આવે છે.

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org
Website: http://www.sskkamreli.org

સુખ અને દુઃખએ જીવનના મુખ્ય બે પાસા છે.